# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2026-27/54 Dt. 07/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI અને ધી સિલોન ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે દ્વિપક્ષીય વેપાર અને ઔદ્યોગિક સહકાર મજબૂત કરવા MoUનું નવીનીકરણ કરાયું

## MoUના નવીનીકરણ બાદ ભારત અને શ્રીલંકાના ઉદ્યોગકારો વચ્ચે યોજાયું ભવ્ય બિઝનેસ નેટવર્કિંગ સેશન: B2B કનેક્ટિવિટી વધારવા પર ભાર

## શ્રીલંકાના વિશ્વવિખ્યાત સફાયર (Sapphire) રત્નોની આયાત અને જ્વેલરી સેક્ટરમાં મહિલા ઉદ્યોગસાહસિકો સાથે સહયોગ અંગે વિશેષ ચર્ચા: અશોક જીરાવાલા

## ટેક્સટાઇલ, ગાર્મેન્ટ એક્સેસરીઝ, સપ્લાય ચેઇન અને ડિસ્ટ્રિબ્યુશન પાર્ટનરશિપ વિકસાવવા બંને દેશોના ચેમ્બર કટિબદ્ધ

## વેસ્ટ-ટુ-એનર્જી, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, IT, મસાલા અને પ્રોસેસ્ડ ફૂડ ક્ષેત્રે સંયુક્ત રોકાણ વધારવા પ્રતિબદ્ધતા

સુરત, 07 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) અને શ્રીલંકાની શીર્ષ વેપારી સંસ્થા ધી સિલોન ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે વેપાર, આર્થિક રોકાણ અને ઔદ્યોગિક સહકારને વધુ ગાઢ બનાવવાના હેતુથી મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU)નું સફળતાપૂર્વક નવીનીકરણ કરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કરારથી ગુજરાત અને શ્રીલંકા વચ્ચે ક્રોસ-બોર્ડર ટ્રેડ, ટેકનોલોજી ટ્રાન્સફર અને જોઇન્ટ વેન્ચર્સને નવી ઊંચાઇ પ્રાપ્ત થશે.

કોલંબો ખાતે યોજાયેલા વિશેષ સમારોહ દરમિયાન MoU પર SGCCIના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને ધી સિલોન ચેમ્બર ઓફ કોમર્સના ચેરપર્સન શ્રી ક્રિષ્ણન બલેન્દ્રાએ હસ્તાક્ષર કર્યા હતા.

કરાર બાદ બંને દેશોના ઉદ્યોગકારો વચ્ચે હાઇ-લેવલ બિઝનેસ નેટવર્કિંગ સેશન યોજાયું હતું, જેમાં નવી વ્યાપારી સંભાવનાઓ અંગે વિસ્તૃત મંતવ્યોની આપ-લે કરાઈ હતી.

**બીટુબી (B2B) જોડાણો અને ગ્લોબલ પાર્ટનરશિપ પર ભાર: અશોક જીરાવાલા**

ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ આ કરાર વિશે વિગતો આપતા જણાવ્યું હતું કે, "ધી સિલોન ચેમ્બર ઓફ કોમર્સ સાથે MoUનું નવીનીકરણ ભારત અને શ્રીલંકા વચ્ચેના આર્થિક અને વ્યાપારી સંબંધોને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં માઇલસ્ટોન સાબિત થશે. તેનાથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને શ્રીલંકામાં નિકાસ અને રોકાણના નવા દ્વાર ખુલશે, જ્યારે શ્રીલંકાના ઉદ્યોગોને પણ ગુજરાત જેવા દેશના અગ્રણી ઔદ્યોગિક રાજ્ય સાથે સીધા જોડાવાનો મોટો લાભ મળશે. SGCCI બંને દેશોના ઉદ્યોગકારો વચ્ચે B2B જોડાણો મજબૂત કરવા સતત કાર્યરત રહેશે."

સફાયર રત્નોની આયાત અને મહિલા સાહસિકો સાથે સહયોગ: ચેમ્બર પ્રમુખશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, બેઠકમાં ગુજરાતના ઉત્પાદકોને શ્રીલંકાના વિશ્વપ્રસિદ્ધ એપેરલ ઉદ્યોગ સાથે સાંકળવા તેમજ ગાર્મેન્ટ એક્સેસરીઝ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં સપ્લાય ચેઇન પાર્ટનરશિપ ઊભી કરવા અંગે વિશ્લેષણ કરાયું હતું. ખાસ કરીને જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં શ્રીલંકાના વિશ્વવિખ્યાત સફાયર (Sapphire) કિંમતી રત્નોની આયાત કરવા અને સ્થાનિક જ્વેલરી ઉત્પાદકો, ઉદ્યોગ સંગઠનો તેમજ મહિલા ઉદ્યોગસાહસિકો સાથે વિશિષ્ટ સહયોગ સ્થાપવા અંગે ફળદાયી ચર્ચા થઇ હતી.

આ ઉપરાંત, બંને દેશોના પ્રતિનિધિઓએ વેસ્ટ-ટુ-એનર્જી, ડિજિટલ ટેકનોલોજી, IT, મસાલા અને પ્રોસેસ્ડ ફૂડ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય વેપાર અને સંયુક્ત રોકાણ વધારવા પરસ્પર સહયોગ આપવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલની સાથે પ્રતિનિધિમંડળમાં ઉદ્યોગસાહસિક સર્વેશ્રી જિતેન્દ્ર સોની, મુકેશ કાપડિયા, દીપક ચોકસી, શ્રીમતી શિતલ ચોકસી, દિવ્યેશ ખેર, મહેન્દ્ર ઝડફિયા, ચિરાગ રાવત, સંકેત રાજ્યગુરૂ, રાજેશકુમાર ધામેલીયા અને શૈલેષ પદમાનીનો સમાવેશ થાય છે.